"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં. તા: ૨૯/૦૯/૨૦૧૭

તંત્રી શ્રી, ____________________ સુરત

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

**સુરતમાંથી ૧૬માં હૃદયનું દાન.**

**વિશ્વ હૃદય દિવસ તેમજ નવરાત્રીના પાવન પર્વની ઉજવણીના દિવસે લેઉવા પાટીદાર સમાજના**

**બ્રેનડેડ રમેશભાઈ ગોબરભાઈ ધોરાજીયાના પરિવારે**

**હૃદય, કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી ૬ વ્યક્તિઓને નવજીવન આપી**

**પરિવારે માનવતા મહેંકાવી સમાજને નવી દિશા બતાવી.**

**માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે જે હોસ્પીટલનું લોકાર્પણ થયું હતું**

**એવી કિરણ હોસ્પીટલ માંથી સૌ પ્રથમ વખત અંગોનું દાન**

**સુરતથી ૨૬૯ કિ. મી નું અંતર ૧૦૭ મીનીટમાં કાપીને હૃદયનું ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ**

**અંધેરી મુંબઈના રહેવાસી મોઈનુંદ્દીન શેખમાં**

**મુંબઈમાં આવેલ ગ્લોબલ હોસ્પીટલમાં કરવામાં આવ્યું.**

નામ: રમેશભાઈ ગોબરભાઈ ધોરાજીયા ઉ. વ. ૫૩ બ્લડ ગ્રુપ: A +ve
કતારગામમાં આવેલ સનરાઈઝ ડાયમંડની ફેક્ટરીમાં રત્નકલાકાર તરીકે ફરજ બજાવતા હતા.

રહેવાસી: એ-૪, ૧૦૪, વ્રજભૂમિ ટાઉનશીપ સેક્ટર – ૨, સીમાડાગામ, વરાછા રોડ, સુરત.

મૂળ રહેવાસી: ગામ: હરીપર, તા: મોટાલીલીયા, જી: અમરેલી

કૌટુંબિક વિગત: પત્ની: કૈલાશબેન રમેશભાઈ ધોરાજીયા ઉ.વ. ૪૮
પુત્રો: ૧. રવિ રમેશભાઈ ધોરાજીયા ઉ.વ. ૨૩
વરાછામાં આવેલ વાઈટ ઓરેન્જ સોફ્ટવેર કંપનીમાં મોબાઈલ ડેવલોપર તરીકે ફરજ બજાવે છે.
૨. પૂર્વિક રમેશભાઈ ધોરાજીયા ઉ.વ.૨૫
અડાજણમાં આવેલ નારોલા ઇન્ફોટેકમાં સોફ્ટવેર એન્જીનીયર તરીકે ફરજ બજાવે છે.

૨...

**Nilesh Mandlewala** President +91 98256 09922 | **Sandeep Kumar, IRS** Vice President +91 81307 81031 | **Rakesh Jain** Hon. Secretary +91 98241 10349 | **Ramesh Malpani** Hon. Treasurer +91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



**બનાવની વિગત:**

મંગળવાર ૨૬ સપ્ટેમ્બર ૨૦૧૭નાં રોજ રમેશભાઈ કતારગામમાં આવેલ સનરાઈઝ ડાયમંડની ફેક્ટરીમાં કામ કરી રહ્યા હતા, ત્યારે સવારે ૧૧:૦૦ કલાકે લઘુશંકા કરવા બાથરૂમમાં ગયા હતા ત્યાં તેમને ચક્કર આવ્યા હતા અને ઉલ્ટી થઈ હતી. ત્યારબાદ તેઓ બેભાન થઇ ગયા હતા. તેથી તેમની સાથે કામ કરતા તેમના સહ રત્નકલાકારોએ તેમને તાત્કાલિક કિરણ હોસ્પીટલમાં દાખલ કરી ન્યુરોસર્જન ડૉ. ભૌમિક ઠાકોરની દેખરેખ હેઠળ સારવાર શરુ કરવામાં આવી. નિદાન માટે CT સ્કેન કરાવતા બ્રેઈન હેમરેજ હોવાનું નિદાન થયું હતું.

ગુરૂવાર, તા: ૨૮ સપ્ટેમ્બરના રોજ ન્યુરોસર્જન ડૉ. ભૌમિક ઠાકોર અને ન્યુરોફીજીશ્યન ડૉ. કુણાલ નાથે રમેશભાઈને બ્રેનડેડ જાહેર કર્યો.

કિરણ હોસ્પીટલના મેડીકલ એડમિનિસ્ટ્રેટર ડૉ. સ્નેહલ ડુંગરાણીએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી રમેશભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી ડૉ. રવિના પંકજભાઈ સેંજલીયાની સાથે રહી રમેશભાઈના પુત્રો પૂર્વિક અને રવિ, ભાઈઓ હિમ્મતભાઈ, કાળુભાઈ અને નરેશભાઈ તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

રમેશભાઈના પુત્રો પુર્વિક અને રવિએ જણાવ્યું કે અમારા પિતા બ્રેનડેડ છે અને તેનું મૃત્યુ નિશ્ચિત જ છે, ત્યારે તેમના અંગોના દાન થકી નવરાત્રીના શુભ દિવસે ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવું જીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની તથા લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું. જયારે હૃદયના દાન માટે અમદાવાદની સિમ્સ અને સ્ટલીંગ હોસ્પીટલનો સંપર્ક કર્યો પરંતુ ત્યાં કોઈ દર્દી ન હોવાને કારણે ROTTO ( Region Organ & Tisue Transplant Organisation) ના ડૉ. સુજાતા પટવર્ધનનો સંપર્ક કરી હૃદયના દાન માટે જણાવ્યું. ROTTO ( Region Organ & Tisue Transplant Organisation) દ્વારા હૃદય મુંબઈમાં આવેલ ગ્લોબલ હોસ્પિટલને ઓફર કરવામાં આવ્યું.

મુંબઈની ગ્લોબલ હોસ્પીટલના કાર્ડિયાક સર્જન ડૉ. અમઝદ શેખ અને તેમની ટીમે સુરત આવી હૃદયનું દાન સ્વીકાર્યું.

3...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



કિડની અને લિવરનું દાન અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. વિકાસ પટેલ અને તેમની ટીમે આવી સ્વીકાર્યું. જયારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ બેન્કના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

કિરણ હોસ્પીટલ થી મુંબઈની ગ્લોબલ હોસ્પીટલ સુધીનું ૨૬૯ કિ. મી નું અંતર ૧૦૭ મીનીટમાં કાપીને દાનમાં મેળવવામાં આવેલા હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ અંધેરી મુંબઈના રહેવાસી મોઈનુંદ્દીન શેખ ઉ.વ. ૪૨માં ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. હમદુલે અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

ટેક્ષી ડ્રાઈવર તરીકે કામ કરતા મોઈનુંદ્દીન શેખ ૨૦૧૨થી હૃદયની તકલીફથી પીડાતા હતા. તેમને શ્વાસ લેવામાં ખુબ તકલીફ પડતી હતી તથા તેમને ચાલવામાં પણ તકલીફ પડતી હતી. તેના હૃદયની કાર્યક્ષમતા ૧૦% થી ૧૫% જેટલી હતી. છેલ્લા એક મહિનાથી ગ્લોબલ હોસ્પિટલમાં તેમનું ફોલોઅપ ચાલી રહયું હતું. છેલ્લા બે દિવસથી તેઓ હોસ્પીટલમાં દાખલ હતા

કિડની અને લિવરનું દાન સ્વીકારી અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. વિકાસ પટેલ અને તેમની ટીમે બપોરે 03:30 કલાકે કિરણ હોસ્પિટલ થી અમદાવાદ જવા રવાના થયા છે અને મોડી રાત સુધીમાં આ કિડની અને લિવરનું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવશે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં રમેશભાઈનાના પત્ની કૈલાશબેન, પુત્રો પૂર્વિક અને રવિ, ભાઈઓ હિમ્મતભાઈ, કાળુભાઈ અને નરેશભાઈ, ધોરાજીયા પરિવારના અન્ય સભ્યો, ડૉ. રવિના પંકજભાઈ સેંજલીયા, ડૉ. પંકજ પટેલ, ન્યુરોસર્જન ડૉ. ભૌમિક ઠાકોર, ન્યુરોફીજીશ્યન ડૉ. કૃણાલ નાથ, મેડીકલ એડમિનિસ્ટ્રટર ડૉ. સ્નેહલ ડુંગરાણી, ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. હેતલ રૂડાણી, કિરણ હોસ્પીટલનો સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, CEO નીરવ માંડલેવાલા, નિમિત પટેલ, ડેનીશ ચોવાલા, મહેન્દ્રસિંહ દરબાર, ડેનીશ સતાસિયા, દેવેશ ભરૂચા, અસ્ફાક ઈબ્રાહીમ શેખ, મયુર પામક, ભાવિન કોલડિયા, અંકિત, રમેશભાઈ વઘાસિયા, સુભાષ જોધાણી, ધવલ પ્રજાપતિ, યોગેશ પ્રજાપતિ, જીતેન્દ્ર મોરે અને વ્રજેશ શિંદેનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૨૨૪ કિડની, ૮૯ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૬ હૃદય અને ૧૮૮ ચક્ષુઓનો દાન મેળવીને ૫૨૦ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

કિરણ હોસ્પિટલ થી સુરત એરપોર્ટ સુધીનો માર્ગ તથા મુંબઈમાં આવેલ ગ્લોબલ હોસ્પીટલ સુધીના માર્ગને ગ્રીન કોરીડોર કરવા માટે સુરત શહેર પોલીસ કમિશ્નરશ્રી અને મુંબઈ ટ્રાફિક પોલીસનો સહકાર સાંપડ્યો હતો.

૪...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



**<u>કેડેવર હૃદય ડોનેશનની પ્રક્રિયા નો ઘટના ક્રમ</u>**

૧. બપોરે ૦૧:30 કલાકે મુંબઈમાં આવેલ ગ્લોબલ હોસ્પીટલના કાર્ડિયાક સર્જન ડૉ. અઝમદ શેખ અને તેમની ટીમ હૃદયનું દાન સ્વીકારી સુરત કિરણ હોસ્પીટલથી એરપોર્ટ જવાના રવાના થયા.

૨. બપોરે ૦૧:૫૦ કલાકે ડૉ. અઝમદ શેખ અને તેમની ટીમ સુરત એરપોર્ટ પહોચ્યા.

૩. બપોરે ૦૨:૦૫ કલાકે સુરત એરપોર્ટથી ચાર્ટર ફ્લાઈટમાં ડૉ. અઝમદ શેખ અને તેમની ટીમ હૃદય લઇ મુંબઈ જવા રવાના થયા.

૪. બપોરે ૦૨:૫૮ કલાકે ડૉ. અઝમદ શેખ અને તેમની ટીમ મુંબઈ એરપોર્ટ પહોચ્યા.

૫. બપોરે ૦૩:૦૭ કલાકે ડૉ. અઝમદ શેખ અને તેમની ટીમ મુંબઈ એરપોર્ટથી મુંબઈમાં આવેલ ગ્લોબલ હોસ્પિટલ જવા રવાના થયા.

૬. બપોરે ૦૩:૨૫ કલાકે ડૉ. અઝમદ શેખ અને તેમની ટીમ મુંબઈમાં આવેલ ગ્લોબલ હોસ્પિટલના ઓપરેશન થીયેટર દાખલ થયા અને હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ અંધેરી મુંબઈના રહેવાસી મોઈનુંદ્દીન શેખ ઉ.વ. ૪૨માં ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. હમદુલે અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

છેલ્લા ૨૨ મહિનામાં સુરતમાંથી હૃદય ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ કરવાનો આ સોળમો બનાવ છે, જેમાંથી <u>બાર</u> હૃદય મુંબઈ, <u>એક</u> હૃદય ચેન્નાઈ, <u>બે</u> હૃદય અમદાવાદ અને <u>એક</u> હૃદય ઇન્દોર મોકલવામાં આવ્યું છે.

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961